# જાપાનમાં મેઘતાંડવ: ટોક્યો નજીક પૂરથી 5નાં મોત



**સ્ટેશન** પર ફસાયેલા 4,000 મુસાફરોને બહાર કઢાયા, 18,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો

**ચિબા** શહેરમાં એક કલાકમાં વિક્રમજનક 11.5 સેમી વરસાદ

**રસ્તા**-રેલવે ટ્રેક પાણીમાં ગરકાવ, નારિતા એરપોર્ટ પર હજારો મુસાફરો રાતભર ફસાયા

**ટોક્યો, તા. 14 (AP):** ટોક્યોની પૂર્વમાં આવેલા શહેરોમાં આખી રાત પડેલા વિક્રમજનક ભારે વરસાદને કારણે રસ્તાઓ અને અનેક ઘરોમાં પૂર આવ્યું હતું. હજારો લોકો ફસાઈ ગયા હતા, વીજ પુરવઠો ખોરવાયો હતો અને ઓછામાં ઓછા 5 લોકોનાં મોત થયાં છે, જ્યારે એક વ્યક્તિ હજુ લાપતા છે. જાપાન હવામાન એજન્સીએ શુક્રવારે સવારે વરસાદમાં ઘટાડો થયા બાદ ચિબા પ્રીફેક્ચરના એક ડઝનથી વધુ વિસ્તારો માટે ભારે વરસાદની સૌથી ગંભીર ચેતવણીનું સ્તર ઘટાડ્યું હતું. જોકે, દિવસ દરમિયાન ફરી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. સામે આવેલા ફોટા અને ટેલિવિઝન દ્રશ્યોમાં મોટા પાયે નુકસાન જોવા મળ્યું હતું. ઘરો, કાર અને રેલવે ટ્રેકના કેટલાક ભાગો કાદવવાળા પાણીમાં ડૂબેલા જોવા મળ્યા હતા. ચિબા પ્રીફેક્ચર મુજબ 5 લોકોનાં મોત થયા છે અને એક વ્યક્તિ લાપતા છે. 170થી વધુ ઘરોમાં પાણી ઘૂસી ગયું છે અને 300થી વધુ લોકો જાહેર સુવિધાઓમાં આશ્રય લઈ રહ્યા હતા. ભારે વરસાદને કારણે લગભગ 18,000 ઘરોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ચિબા શહેરમાં એક કલાકમાં 11.5 સેન્ટિમીટર (4.5 ઈંચ) અને સાકુરામાં 9.7 સેન્ટિમીટર (3.8 ઈંચ) વરસાદ નોંધાયો હતો, બંને સ્થળ માટે આ વિક્રમજનક વરસાદ છે.




## ઓસ્ટ્રેલિયામાં રાની મુખર્જીને સન્માન, ભાવુક થઇ અભિનેત્રી



મુંબઇ, તા.14: બોલિવૂડ અભિનેત્રી રાની મુખર્જીને ઓસ્ટ્રેલિયાની લા ટ્રોબ યુનિવર્સિટીએ ‘ડોક્ટર ઓફ લેટર્સ’ની માનદ ડોક્ટરેટથી સન્માનિત કરી. 14 ઓગસ્ટે મેલબર્નના ફેડરેશન સ્ક્વેર ખાતે IFFM 2026 દરમિયાન યોજાયેલા સમારોહમાં સન્માન મેળવતી વખતે રાની ભાવુક થઈ હતી. ત્રણ દાયકાની કારકિર્દી અને સામાજિક મુદ્દાઓ પર આધારિત ફિલ્મોમાં યોગદાન બદલ તેને આ સન્માન મળ્યું. શાહરુખ ખાન બાદ તે આ યુનિવર્સિટીનું સર્વોચ્ચ સન્માન મેળવનારી બીજી ભારતીય કલાકાર બની છે. યુનિવર્સિટીએ મહિલાઓ, બાળકો અને વંચિત સમુદાયો માટે રાનીના કાર્યની પણ પ્રશંસા કરી.

## સંજય દત્તની ક્લબમાં કૉપિરાઇટેડ ગીતો વગાડવા પર બોમ્બે હાઈકોર્ટની રોક




મુંબઈ, તા. 14: પુણેમાં સંજય દત્તના નાઇટક્લબ Ballr પર કોપિરાઇટ મ્યુઝિકને લઈને વિવાદ સર્જાયો છે. ફોનોગ્રાફિક પરફોર્મન્સ લિમિટેડ (PPL) ઇન્ડિયાની ફરિયાદ બાદ બોમ્બે હાઈકોર્ટે ક્લબને જરૂરી લાઇસન્સ વિના કોપિરાઇટવાળા ગીતો વગાડવા પર રોક લગાવી છે. PPLના પ્રતિનિધિએ 24 જૂને Ballrની મુલાકાત લીધી હતી, જ્યાં ‘બદતમીજ દિલ’, ‘મૌજા હી મૌજા’, ‘દર્દ-એ-ડિસ્કો’, ‘ઓ સાકી સાકી’ અને ‘દસ બહાને’ સહિત અનેક ગીતો વગાડાતા મળ્યા હતા. ક્લબમાં જસ્ટિન બીબરનું ‘વ્હોટ ડુ યુ મીન’ અને દુઆ લિપાનું ‘લેવિટેટિંગ’ પણ વગાડવામાં આવતું હતું. Ballrના માલિકોમાં એક્ટર સંજય દત્ત અને હેરંબ શેલકેનો સમાવેશ થાય છે. PPLએ કોર્ટને જણાવ્યું હતું કે આ ગીતોના સાઉન્ડ રેકોર્ડિંગના કોપિરાઇટ તેના પાસે છે. અગાઉ Ballrએ PPL પાસેથી મ્યુઝિક લાઇસન્સ લીધું હતું, પરંતુ તેની મુદત પૂરી થયા બાદ તેને રિન્યૂ કરાવવામાં આવ્યું ન હતું. 7 ઓગસ્ટના આદેશમાં કોર્ટે જરૂરી નોન-એક્સક્લુઝિવ પબ્લિક પરફોર્મન્સ લાઇસન્સ વિના PPLના કલેક્શનના ગીતો વગાડવા કે તેનો ઉપયોગ કરવા પર રોક લગાવી છે.

## દીકરીની ઉંમરની યુવતી સાથે ફરતા શરમ આવવી જોઈએ: ગોવિંદાની પત્ની



મુંબઈ, તા. 14: ગોવિંદા એક્ટ્રેસ કોમલ રાણી સ્વર્ણકાર સાથે તાજેતરમાં જાહેરમાં દેખાયો હતો તેના પર ગોવિંદાની પત્ની સુનીતાએ ટિપ્પણી કરી છે. બંનેને લઈને ચાલી રહેલી અફવાઓ વચ્ચે મુંબઈમાં પાપારાઝી સાથેની વાતચીતમાં સુનીતાએ કહ્યું કે ગોવિંદા “પોતાની દીકરીની ઉંમરની યુવતી સાથે ફરી રહ્યો છે, તેને શરમ આવવી જોઈએ.” ગોવિંદા અને સુનીતાની દીકરી ટીનાની ઉંમર 35 વર્ષ છે, જ્યારે કોમલની ઉંમર જાહેર થઈ નથી. ગોવિંદાના કોમલ સાથેના એરપોર્ટ દેખાવ અને આગામી પ્રોજેક્ટ્સના પ્રમોશન અંગે પૂછવામાં આવતા સુનીતાએ કહ્યું કે પહેલાં ફિલ્મ બનવી જોઈએ, ત્યારબાદ તેનું પ્રમોશન થાય. ત્યારબાદ તેમણે ગોવિંદા પર નિશાન સાધતા કહ્યું કે વ્યક્તિના કેટલાક આદર્શ હોવા જોઈએ.


TORRENT POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૧૭/૦૮/૨૦૨૬, સોમવાર : જુમ્મા (આલિશાન કોમ્પ્લેક્સ), રિલાયન્સ ઈન્ડ. (HT)
- ૧૮/૦૮/૨૦૨૬, મંગળવાર: ધનકુબેર ઈન્ડ. (વેડ રોડ), ધરમ નગર ઈન્ડ. નં.૩
- ૧૯/૦૮/૨૦૨૬, બુધવાર : પટેલ ઈન્ડ. નં.૨ (વેડ), રન્ના ટેક્સ (કમલ પાર્ક સોસાયટી)
- ૨૦/૦૮/૨૦૨૬, ગુરુવાર : કેજી જીઆઈડીસી ઈન્ડ. નં.૩
- ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવાર : અક્ષરધામ (વસ્તાદેવડી)

**અસુવિધા બદલ દિલગીર છીએ**

Door step services are available for senior & Differently Abled citizens
Request to call on 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912
or mail to connect.srt@torrentpower.com
WhatsApp 8141970070

















